સંગીત.

श्री जैन मधुर गायन ग्रंथ.

ભાગ ૧ લો.

રચી તથા છપાવી પ્રસિદ્ધ.

કર્ત્તા.
વોહોરા. મણીલાલ વિ. બાપુલાલ
પાટણ.

આવૃતિ ૧ લી પ્રત ૧૦૦૦
સને ૧૮૯૯ સંવત ૧૯૫૫

કીમત રૂ૦-૩-૦
અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ.

સંગીત.

श्री जैन मधुर गायन कुंज

भाग १ लो

રચી તથા છપાવી પ્રસિદ્ધ

કર્ત્તા

વોહોરા. મણીલાલ વિ. બાપુલાલ

પાટણ.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

અમદાવાદ

શ્રી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસ

સને ૧૮૯૯ સંવત ૧૯૫૫

કીમત રૂ૦-૩-૦

પ્રસ્તાવના

જૈન ધર્મોત્તેજક સદ્‌ગૃહસ્થો અને બાનુઓ.

આ ધુનીકા સમયમાં નાટય રસનો શોખ ઘણાક ઉછરતા યુવાનો ધરાવતા હોય તેવું ધારવામાં હું બીલકુલ ભુલ કરતો નથી, અને તેમાં વળી તે તરૂણો પોતાનો શોખ પુરણ કરવા વિષય વાંછનાવાળાં ગાયનો અવલોકન કરે છે અને કેટલેક દરજ્જે એ ખરાબ ગાયનોની અસર તેઓની ચપળ વૃત્તિ ઉપર એક છાપ રૂપ થઇ પડે છે તે વાત પણ નિશંશય છે, માટે તેવા શોખીન તરૂણો આ લઘુપુસ્તક કે જેમાં પણ નાટક રસ વર્ણાવેલો છે તે વાંચી તેમનો શોખ ફળીભુત કરે, તેમના કોમળ હૃદયમાં ખરાબ અસર થતી અટકે, તથા શ્રી જીનરાજ મહારાજના ગુણોનાં કિર્ત્તન ગાઇ તેઓ ઉભયસુખ ભોગવે એવી ઉર્મીયો મારા મનમાં આવવાથી આ પુસ્તક રચાવામેં પ્રયાસ કર્યોછે. આ લઘુ ગંથમાં તદન નવીન આનંદ

દાયક રાગોમાં શ્રી જીનરાજ મહારાજના ગુણોનાં કિર્ત્તન બીજા બીજા રીતે વર્ણવ્યાં છે, સુક્ષ્મમાં આ લઘુ ગ્રંથ હાલના ઉછરતા નાટયરસના શોખીન તરૂણોને અસરકારક વિદ્વાનો ને વિનોદદાયક, રસીલાઓને રસીક તથા જૈન ધર્મીઓ ને સ્તુતી લાયક થઇ પડશે તો આ પુસ્તક રચવામાં મને થયેલો પરિશ્રમ ઘણે દરજ્જે સફળ થયો છે એમ સમજીશ.

સ્વદેશ ગર્વિ અને ધર્મ ગર્વિ બધુઓ! માણસ માત્ર દોષ યુકત છે તો પછી તેના કાર્યો તો દોષ યુકત હોય તેમાં કોચિંત આશ્ચર્ય નથી, તે મુજબ આ લઘુ ગ્રંથમાં પણ અનેક દોષો હશે જે વિષે મને સુજ્ઞ જનો સુચના કરશે તો તેમનો હું આભાર માનીશ. વિશેષ એક બાબત તરફ મારા વાંચક વૃંદનું મન ખેંચવાની મને જરૂર પડે છે તે એ છે કે આજ કાલ આપણા દેશમાં ઘણા એ પંડીતોની વૃદ્ધિ થવાને લીધે સુક્ષ્મદ્રષ્ટિથી અવલોકન કરતાં મિથ્યા નાજુકાઇની પણ અનીવૃદ્ધિ થયેલી

જણાય છે માટે તેવા જનોને આ પુસ્તક રૂચશે કે નહિ તે બાબત મારા મનને સંશય રહે છે. જાહેરનામું મુક્યા સિવાય આ પુસ્તકમાં શી શી ખામીઓ તથા શી શી ખુબીઓ રહેલી છે તે જાણવાનું ન બની શકે તેમજ જાહેરમાં મુકયા સીવાય સત્યનું નિરૂપણ થતું નથી એવા ઉદ્દેશથી આ પુસ્તક રચી મેં મારા વિચાર પ્રદર્શીત કર્યા છે.

મારા પ્રીય મીત્ર મી. હીમતલાલ મનસુખલાલે આ પુસ્તક રચવા તથા છપાવવા બાબતમાં મને જે મદદ કરી છે તે બાબત આભારી સાથે ઉત્કૃષ્ટ થયો છું, એજ આશા-પ્રાર્થના !

પાટણધુળ પડવો
સં ૧૯૫૫

લી૦ ધર્માનુરાગી
એક
ઉછરતા લેખક.

અર્પણ પત્રીકા.

પરમ ભક્તિ પાત્ર. શેઠ. સુરજમલ લહેરચંદ.

મુ. વિસનગર.

ધાર્મીક ઉદાર ચરિત રત્ન

સ્વધર્મમાં આપની અચળ શ્રધ્ધા, સહન શીલતા તથા શુશીલપણું મારા સાંભળવામાં આવેલ તેથી આકર્પાઇ આ દીનજન હૃદયના નિભુતસ્થાનમાં હમેશ પુજન કરતો રહે છે, આપના ધાર્મીક ઉદાર ચરિત આગળ મેં મારો આત્મવિક્રય કર્યો છે. સુક્ષ્મમાં ધર્મે દ્રઢતા બાબત આપની નિરંતર ભક્તી રાખીને મારી અલ્પ મતિથી યોજેલ જૈન મધુર ગાયન કુંજ નામનું લઘુ ગ્રંથ આપને સ્નેહથી ઉતસર્ગ કરૂં છું તે સ્વીકારશો.

લી. સ્નેહાંકિત

પ્રકાશક પાટણ.

॥ श्री जैन धर्मो जयति. ॥

श्री जैन मधुर गायन कुंज.

भाग १ लो.

१

થયા છોરે પતિ તેજ પ્યારી તનના-રાહ.

ચાલોનેરે મુજ બંધુજન સઘના,
જીન દરશન કાજે.
પુર્વ પુન્યાઇએ આ ભવ પામ્યા,
નહિમળે વારંવાર;
ભવ આવો, નહી પાવો,
પાક થાવો, લઇ લ્હાવો,
ચાર દીવશનો ચટકો મટકો,
નહી પલક છાજે. ચાલો
પ્રભુ દરશનતો અતિ દોહીલું

સોહિલું ન નિરધાર;
ભજો ભાવે કર્મ જાવે,
સુખ થા'વે, 'મણી' કાવે,
ગુણ અનંતનો, ભરીયો ભજો,
જયજય જીનરાજે. ચાલો.

૨

શુંનટવર વસંત—રાહ.

હે સુખકર સદાય દીઓ ભકિત મને,
ભકિત મને નાથ શકિત મને, હે સુખ.

સાખી.

કોટીક ચંદ્ર બીરાજતા, મુખ મુદ્રા પરતાત;
મંગળ મય મુરતી દીસે, હેતે સાચા હાથ.
રાજેમતિ પતિ પ્રેમે હું વિનવું,
કાપી કુબુધ્ધિ સુમતિ આપને. હે સુખ.

સાખી.

તુજ દરશન દુર્લભ સદી, દયો મુજને તતખેવ;
ભાવ સહીત હું ભકતીથી, વીનવું છું શ્રી જીનદેવ.

જગમગ જ્યોત દીપે અતિ સુખ કારીરે;
નવવરણી શોભા જાય જીનદુઃખ હારી રે.

સાખી.

અલ્પ વિનતિ ઉર ધરી, કાપ કામને ક્રોધ;
બાપુ સુત 'મણી' વિનવે, દયો મુજને નાથ બોધ.
આંગી અનોપમ આપની શી ઓપતી;
હીરા અમોલીકને શુભરતને. હે સુખ.

૩

ગયું ગ્રીષ્મ થયું ચોમાસુ-રાહ

જીનરાજ (૨) નમુ પ્રીત ધારી,
જે દુઃખ હરતા સુખકારી.
કરો સાર્થ (૨) દયા ઉર ધરી,
તારક જગના સુખકારી.
અઘઓઘ વિદારક પ્યારા,
જયજય સુખકર ન્યારા,
નમુનિત્ય પ્રભુજી પ્યારા;
ભજો સુખકાર, જીન દુખહાર, જગત સૃજનાર

અતિ પ્રીત ધારી. જે દુ:ખ
શી આપ પ્રભા પ્રભુ જામી,
નમુ નીત્ય શીવ સુખ ગામી,
જેદીન જનોનો ધામી;
કષ્ટ અમજાય, સમૃધ્ધિ થાય સ્તવન સૌ ગાય
અતિ પ્રીત ધારી, જે દુ:ખ

૪

અનંગ રંગને ઇચ્છે-રાહ

સંભવ સેવને ઇચ્છું,
દુ:ખદ દેહથી વ્યાકુળ થઈ પ્રભુજી તુજ. સેવને.
પુજે તુંને સુરેન્દ્ર આદિ, બાકી નહિ કોઈ દેવ;
મુઢ મુરખ હું ભાનજ ભુલ્યો,
વ્હારે ચડત તતક્ષેવ. સેવને.
મોહ માયા કામ ક્રોધ દેહનાં,
ટાળી એવી કુટેવ;
નિત્ય પ્રભાતે ચરણુ સેવની,
માગે 'મણી' સુટેવ. સેવને.

૫

જોઉ હવે શું થાયે વિભુ. રાહ.

મલ્લી જીન ભગવાન ધ્યાન હું નિત્ય ધરૂં,
તુજ ચિત ધારી;
જગકર સુખકાર ગીરધારી,
ચંદ્રચંદ્ર સનમુખ બીરાજે સુખકારી. મલ્લી.
વિનવું હું તુજને પ્યારારે,
નવ કરો દીલથી ન્યારારે.
મેને કીજી ગરથી ધાર્યોરે:
હે સુખકારી, જઉ બલીહારી, તમ પરવારી.
હેમ હીધારી. મલ્લી.

૬

પ્રાણુ આશું કરો. રાહ

પ્રભુને સમરો પ્રભુને સમરો,
જોછે આ અટવીનો તારક ખરો, ધ્યાન ધરો;
જીનતાણા ચર્ણ પાસ ફરો. પ્રભુને.

તારક મારક વિશ્વંભરા, (૨)
વ્હાર ધારે, વ્હારધારે;
વ્હાર ધારે સદાશીવરાય આવ્યા એ સુખકાર,
રંક જાણી જીનજી સ્હાયકરો. પ્રભુને.

૭

એવીરે રંભા એ રાહ.

નેમેશ્વર સ્વામી લ્યોને સેવકને ઉગારી,
સુંદર શામળી સુરત પ્યારી દેખી હું હરખાઉ;
સંસાર છોડી ગિરિ સિધાવ્યા;
ગુણ તમારા ગાઉરે નેમેશ્વર
ગીર જઈ પ્રભુ સંજમ લીનો, રાજુલ કેરી સાથ.
સંસાર છોડી મોક્ષ સિધાવ્યા;
ગ્રહો 'મણી' નો હાથ રે. નેમેશ્વર

૮

આવો આવો ચતુર રાહ.

તારો તારો, પ્રભુજી સુપાર્શ્વ મુને તારો,

૭

તારોને (૪) વુમેછે ભર દરીએ આજ-હે પ્રભુ
આપ છો વિભુ નાથ ત્રીલોકના,
કાઢો ગ્રહી મમ બાંય;
કરૂણા રસના આપ દધી છો,
હાં મારી કાઢો ક્રોધ કષાય;
સુખ શાંતિ જેથી થાય,
એજ 'મણી' ઇચ્છાય. તારો.

૯

આવો સખી આવો માને-રાહ.

ચાલો ભાઇ ચાલો જીન દર્શન કરીએ,
દર્શન કરીએ ઉર ઉમંગ ધરીએ. ચાલો. ૧
એ છે માયાળુ મુનિસુવ્રતજી,
માટે તેની ભકિત આચરીએ. ચાલો. ૨
ભવભવ ભટકી શરણુ પ્રભુને,
ચરણુ જઇને શીશજ ધરીએ. ચાલો. ૩

૧૦

આવ્યો કેવો કઠણ સમય-રાહ.

ચાલો જઇએ સંભવ મંદીર પ્રીતે,
ત્રીલોક સ્વામીએ આ જગમાં ચાલો.
મસ્તક મુગટતો હીરે જડેલો,
કાને કુંડળ રત્ન શોભે. ચાલો.
બાજુબંધ બાંયે નંગ જડેલાં,
ભાલ તીલક હીર શોભે ચાલો.
હાર ગળામાં કુસુમ કેરો.
દેખી 'મણી' મન લોભે. ચાલો.
પ્રભુજી પુજીને પાવન થઇએ,
દરશન વિના દિલ ક્ષોભે. ચાલો.

૧૧

બેની મારી સર્યુ વિલાસી-રાહ.

મલ્લી જીન વિનતી મારી ઉરમાં ધારી,
રાખ નિવારી તુંજ તું,

કાયારે કાચો ઘડો છે માટીનો;
તું તેથી ઉગાર આપ દાસ છું મલ્લી
છો જગ ત્રાતા ને પીતુ માતા,
કીર્તિ તારી ભારી હું વખાણું શું મલ્લી.
વિઘ્ન નિવારક પ્રભુજી સલુંણા,
નેમેથી નમુ છું તને નીત્ય હું . મલ્લી.
કઠણ કરમ મેં ધર્મ મુકીને,
હાય રે કર્યાં પ્રભુજી રાય તું મલ્લી.
બાપુ સુત 'મણી' દીલથી કહે છે,
આપી સુમતિ કુમતિ કાપ તું મલ્લી.

૧૨

મારા હૃયા કેરા હાર—રાહ.

પ્યારા નેમ પ્રભુજી દયા ઉરે કઈં લાવજો રે,
પ્યારા દીન દાસની અરજ સુણી
પાછા આવજે રે. પ્યારા૦ ૧
પશુ પોકારથી પ્યારી લાગી,

દેખી રોમ રોમ અગ્ની લાગી
રથ પાછો ફેરવી પ્રભુજી
અગ્ની ઓલાવજો રે પ્યારા૦ ૨

જાન લઇ પ્રભુ અઘ પધારી,
આપ જાઓ છો ગઢ ગીરનારી;
પાછા આવી પ્રભુજી
રાજુલ મન મનાવજો રે પ્યારા૦ ૩

આપ વિના નહિ બીજે વરશું×
પ્રયા આપની સાથે કરશું,
ગઢ ગીરનારે આપની સાથે
પ્રભુજી રાખજોરે, પ્યારા૦ ૪

સંજમ લઇ પ્રીતે ગીરનારે;
એઉ વસ્યાં છે મોક્ષને દ્વારે;
સુણી સ્તુતી આ નેમ પ્રભુજી,
દુ:ખ 'મણીનાં' કાપજોરે પ્યારા૦ ૫

૧૩

આજ આ સમાજ વીષે—રાહ.

આજ આ સમાજ સહુ સ્તુતી કરો શ્રી જીનતણી;
રંગને આનંદથી કરો સ્તુતી ઘણી ઘણી. આજ
અજર અમર અકળ અચળ તાત સુપાર્શ્વજી
શરણ કરણ ભરણ તરણ
છે સદા એ પાર્શ્વજી આજ
અરજ સુપાસ જીનરાજ,
ઉર મહી ધરો તમે. આજ
દાસ 'મણી' સદાય નાથ,
આપ ચરણમાં નમે. આજ

૧૪

જીસકા જાની જુદા હો જાવે--રાહ.

શુદ્ધ ભાવે ભજો જીનજીને,
એને રક્ષા કરી છે સ્વજીને;

૧૨

ત્યાંથી ઉગાર્યાં શ્રી જીને એ પાપી જન,
ત્યાંથી ઉગાર્યાં શ્રી જીને. એને
પાપી અમાપી તું વ્યાપી છે સઘળે,
કાપીને કુમતિ શ્રી દીને એ પાપીજન,
કાપીને કુમતિ શ્રી દીને. એને

૧૫

લીલાવતી સમપ્રીય પતીને—રાહ.

પાર્શ્વનાથ પાય શીશ ધરીને તું,
તન મનથી નિત્ય ભજને;
શાશનના એ શીવ સુખ દાયક,
પુજી નાયક સુખ સજને;
ભવ દુઃખ તજને,
વંદી પ્રભુજી ચરણુજને. પાર્શ્વ

૧૬

લોચન રસીલા મોહન. રાહ

ભાવે ભજો જીનરાયા જગતમાં,

પ્રીતેથી પાર્શ્વ નાથને.
એછે મહીપતિ મોટો સ્વર્ગનો,
માટે ભજો જીન તાતને.
એક ભજન કરી તેનું તમે સહુ,
મુકો અલગ બીજી વાતને.
તારે બુરાડે કે મારે ઉગારે,
જેછે સદા જશ નાથને,
તારશે તોડી સદા કૃર પાપને,
માટે ભજો પ્રીતી ધારી એ આપને. તારશે.
સર્વે વ્યાપક સદાસુખ કારી,
રક્ષા કરોદીન ધારી અમારી;
પ્રેમેથી ભક્તી કરીએ તમારી,
મુક્ત બેઠલી સાહો મોરારી;
પ્રેમેથી નેમે નમો સર્વે શ્રાવકો,
'મણી' કહે સુખ સાથને ભાવે.

(સનેડા રાહ)

મારૂં મોહીમોહી તું શું મરેરે,
કેમ પામીશ આ ભવ પાર તુજ જીવડા
છોડી દેને મોહમાયાના કામનેરે,
જેથી ભવો ભવી દુઃખ જાય તુંજ જીવડા,

સાખી.

ગરવ કરના કયા દેહીકા,
પલકમે હોય નાશ;
ક્રોધ કષાયને છોડીને,
પુજને ત્રીલોકના નાથનેરે. જેથી.

શાખી,

તન ધન જુઠું જાણીને,
કરલે કાંઇ ભલાઇ,
વિષય સંગને છોડીને,
શોધતું સંજમના સાથનેરે. જેથી

૧૫

સાખી.

પ્રીતે પુજ જીનરાજને.
જન્મ મરણ દુઃખ જાય,
'મણી' દ્વીકર જોડીને,
વંદેછે ધુરંધર નાથનેરે. જેથી.

૧૮

વાહ ચાતુરી તારી આલી. રાહ.

વાહ આંગી ઉત્તમ કેવી મન હારી.
હરનીશ પ્રભુની બલીહારી,
માણેક રત્નાદીક મુગટ શોભે.
મુક્તાહાર જોવામન લોભે,
શુંરાદિ ચન્મર લઇ શોભે,નાચુ,રાચુ, જાચુ, વાહ.
રત્ન કુંડળ શાં ચળકે કાને,
મુખડું શોભે શશી સમાને.
દરશનથી 'મણી' અતિ સુખમાને.
બની માની દાની વાહ.

૧૯

ચેતન ખીલ્યુ આવ્યાછો. રાહ

આનંદ આજે અપાર મુજ હૃદય મહી
જયજયકાર થઈ.
શ્રી નેમનાથ લહી, (૨)
પ્રભૂજીનું નામ કહી. હાં (૪) આનંદ.
મુરત લાગે પ્યારી પતિ રાજેમતિની.
આહા દે સુમતિ ને.
ધિક્કાર કુમતિને, (૨)
સદા દે સદ્ગતિ ને આનંદ. હાં (૪)

૨૦

બતાદે સખી—રાહ.

પ્યારે ચીતમે એક મલ્લી જીનરાજ.
એક મલ્લી જીનરાજ. પ્યાં.
કર્મ પાસ તોડીરે,
મોક્ષ મહેલ જોડીરે,

દાસ રહ્યો અહીઆંજ. ધાર્યા.
યસ તમારોરે
જુગજુગ જામ્યોરે;
તારોરે બુડતું ઝાઝ. ધાર્યા.
આભવ તારોરે, ગ્રહી હાથ મારોરે,
'મણી' માગે શીર તાજ. ધાર્યા.

૨૧

ગયો ક્યાં છોડી મને. રાહ.)

પ્રભુજી પ્રેમે કરૂં પરણામ,
રટુંરે સદા પાર્શ્વ જીનેશ્વર નામ.
આદિધીથી તારક મારક,
પાર્શ્વનાથ પ્રતિપાળ,
દશે દીશામાં કિર્તિ છાજે;
શ્રીજીન જીન દયાળ. પ્રભુજી.
અધમ ઉધ્ધારણ કષ્ટ નિવારણ;
કૃપા રૂપ અવતાર.

મુક્ત કર્યા સહુ ભુતળ ભકતો;
આપે જયજય કાર. પ્રભુજી.
પ્રગટ વ્યાપક શાંતી સ્થાપક;
સાધક શ્રી જીનરાય;
સુત 'મણી' દીલથી આજે,
પ્રભુના ગાય, પ્રભુજી.

૨૨

તો જાનમાં આવ્યા—રાહ.

પ્રભુજી પુજવા આવ્યા રે. પ્રભુજી
જીનેશ્વર સેવના કરીએ, રે પ્રભુ.
પ્રભુજીને પુજવા આવ્યા, રે પ્રભુજી અજીત
ન કષ્ટ નીકંદન,
અજીત છો આપ,
દુર નીવારી
ા કાપ પ્રભુજી અજીત
પ્રભૂ છો સર્વેશ્વર,

આપ ગરીબ નીવાજ,
ચરણ કમળની સેવા પ્રીતે,
'મણી' માગે મહારાજ. પ્રભુજી આ

૨૩

આશા ગોડી—રાહ.

શાંતી ભરોસો છે તારો ખરો મનેં,
શાંતી ભરોંસો છે તારો.
અશરણ શરણ કરણ જગ નાયક,
ભવ ઉદધીથી ઉતારો. ખરો મનેં.

મારૂં મારૂં કરતાં નીશ દીન,
એળે ગયો જનમારો. ખરો મનેં.

સદ્ગુરૂ વાણી અમૃત ખાણી,
મન વાંછીત ફળ પ્યારો. ખરો મનેં.

બાપુ સુત 'મણી' હીકર જોડી,
વિનવે કરગરી નોધારો. ખરો મનેં.

૨૪

હાય હું હેરાન થઇ ધીર ક્યાં ધરૂં-રાહ.

પાર્શ્વ આ કીંકર આજ અર્જ ઉચરે,
વનીતા વીત્તમાં મોહી,
જીંદગી મેં બાધી ખોઇ,
અનુજ બાળ હા તત્કાળ, તારાથી તરે પાર્શ્વ,
મારૂ કલ્હોરૂ થશે,
નાથ એમ શું થશે.
મહીને હાથ આ અનાથ, તારતું ખરે. પાર્શ્વ.
આપ નાથ ત્રિલોકના,
કર્યાં હર્યાં કંઈ તણાં,
સાક્ષ કર હેનટવર ‘મણી’ કરગરે. પાર્શ્વ.

૨૫

મુજ ઉપર ગુજરી—રાહ

પ્રભુ પદ્મનાથ ભગવાન નમુ શીષ નામી,
હું ભૂલી ગયો તુજ ભક્તિ,

શીવ સુખ ગામી,
મનહર મુરત છે આપ તણી સુખકારી
લ્યો પદ્મપ્રભૂ મહારાજ,
અરજ ઉર ધારી.
હુ મતી મુઢ છું દાસ તમારો સ્વામી,
વિત વનિતાનો હું થયો,
અતિશય કામી.
પામર પ્રાણી હું કરૂં પ્રાર્થના પ્રીતે,
અમ અરજી હે જીન રાજ,
ધરો શુભ ચીતે.
પુદગળમય પ્રાણની હાણુ,
થશે જગ માંહી,
કહે બાપુ સુત 'મણી' ચેત ચેત મનમાંહી.

૨૬

જોબનના રંગમાં ઝુલે—રાહ

આ અરજી ધર જીનવરજી (૨)

સમ દાન ધરી તુજ ધ્યાન
બાળ અજ્ઞાન સહાયતા કરજી આ૦
કાળ અનંત અતી અથડાણો,
આ ભવ અટવી માંહ્ય,
મહેર કરીએ મન મોહનજી,
રંક ગણી કર સાહ્ય, સહાયતા કરજી આ૦
ચિત વનીતાનો થયો કામી,
સ્વામી હું જીનરાય,
રંક ગણીને કરૂણા લાવો,
કરો શ્રી જીનવર સાહ્ય, સહાયતા કરજી આ૦

૨૭

લાવી લાવી લાવીરે ફુલમાળ—રાહ.

આવ્યો આવ્યો આવ્યોરે,
મહાવીર સુયશ સુણી આવ્યો,
જગમે દાતા તુંજ એકીલો જાણી પ્રીતેથી આયોરે. મહા
[illegible] જોયા નવ ખંડ માંહે,

યશ ભોત જમાયોરે. મહાવીર.

હરી હરાદી સુરેન્દ્ર દેવે,
આપનો નુર ગુમાયોરે. મહાવીર

કીર્તિ પ્રસરતી મેને સુણી
તુજ શરણુમાં આવ્યોરે. મહાવીર

સહ્ય તુમેરી માગુ મોરારી,
છોડી ક્રોધ કષાયોરે. મહાવીર

દીકર જોડી 'મણી' માગતહે,
વહારે પ્રભૂ મુજ ધાઓરે. મહાવીર

૨૮

કલ્યાણ.

પ્રીયપતિ તમે-રાહ.

શ્રી પાર્શ્વના પતિ, હું કરૂંછું વિનતિ;
કાપી પાપ આપ આપ,
આજ સદ્ મતિ શ્રી પાર્શ્વ

શરણુ થયા આવી મારી બાળક,
ટાળક દુખ જીન તાત;
પાર ઉતારો આ ઉદધીથી,
સર્વે મળી ગુણ ગાત શ્રી પાર્શ્વ

અરજ અમર અકલંકી ઇશ્વર,
ધર વિનંતી મુજ ધ્યાન,
કાપીને કુમતી આપ સુમતી,
પાર્શ્વનાથ ભગવાન. શ્રી પાર્શ્વ

અકળ કૃતીછે ઇશ તમારી,
પાર ન પામું લેશ;
ગુણ તમારા કેમ કરી હું,
વર્ણવી શકું વિશેષ. શ્રી પાર્શ્વ

ગુણનિધિ ગુણવંત નામ છે,
પાર્શ્વ જીન જગપતિ જનરાય,
પ્રેમ ધરી આ 'માણી' સેવક
ગુણ તમારા ગાય. શ્રી પાર્શ્વ

૨૯

વરાવળ.

સ્વામી સધીર—રાહ.

વ્હાર શાંતીજી મારી કરો,
વિનવું હું જોડી હાથ.
સંસાર સમુદ્રે હું ડુબીઓ,
અલગો રહ્યો સો સાથ. વ્હાર.
આશા રાખી નાવ ખેડીયું.
કરવા ધાર્યો વિલાસ,
પાપ ખડકે આવી પડયું, દેખી થયો ઉદાસ.
વાર્યો સુમતિનો હું નહિ વર્યો,
કર્યો કુમતિનો સાથ,
મોહ માયામાં લપટીઓ,
છોડી ત્રીલોકના નાથ. વ્હાર
કુટુંબ કબીલું નાશી ગયું,
રહ્યું ન કોઈ સંગાથ.

દુ:ખ એક શીર આવી પડયું,
છોડયો કુમતિએ સાથ. બહાર

સુમતિ આવી મુને બુઝાવ્યો,
પ્રીતે ગ્રહી મમ હાથ;
શીખ ઘણી મુજને દીધી,
ભજવા શ્રી જીન નાથ. બહાર

અશરણ શરણ તારે પડયો,
ધારી તારો આધાર;
અવર નથી કોઇ આ સમે,
તુમ જેવો દાતાર. બહાર.

દારૂન વેદના યાદ આવતાં,
ખારો લાગે સંસાર,
દ્વીકર જોડી 'મણી' વિનવે,
ભવ ઉદધીથી તાર. બહાર.

૩૦

કેરબો.

જા દેખ ચમન—રાહ.

શું સહો દહન આ દવ માંહી,

ગજીને સજીને,
પ્રભુ ભજીને ભજીને,
સુખ સજીને સજીને,
દુખ તજીને તજીને,
મોહ છોડી વીચારો મોક્ષ માંહી
શીવ સુખ ત્યાંહી. શું

૩૧.

વટ સાવિત્રી વ્રત આજ—રાહ.

શ્રી ચંદ્રપ્રભુ જીનનાથ, મંદીર જઇએરે,
પુજી ભય ભંજન ભગવાન,
પાવન થઇએરે.
પ્રભુ મુખ પુનમના ચંદ્ર જેવું શોભેરે,
નીરખી ઉપજે આનંદ, મનડુ ક્ષોભેરે.
સમતા સાગર વિભુ આપછો ત્રીલોકના,
લક્ષ્મણા માત આપ મહારાજરે,
કષ્ટ ભવોભવી નાથ ટાળજો.
ચંદ્ર પુરી પ્રભુ આપથી બહુ શોભતી,

લંછન ચંદ તુમસો હાથરે. ૭૯
ચંપો ચંબેલી મોગરો લાવી.
ગુલાબ ફુલનો હાર બનાવી,
લઇએ પ્રભુજી આજ વધાવી,
પખાલ કરી પ્રભૂ ઉછરંગે,
પુજા કરૂં પ્રભૂ વિધવિધ અંગે,
ગુણ 'મણી' ગાવે સંતસંગે, મોહમાયા મદાદિ નીવારી

૩૨

સો તન કે ધરગયે ગયેરે—રાહ.

મલ્લીજીન મ્હેર કરો કરોરે,
હમકા ભવ દુઃખ દુરકર. પ્રભૂ હમકા. મલ્લી
માતા આપની પ્રભા કાંત્રે
લંછન આપનું કુંભ,
નયરી મથુરાં માન ધરતીહે,
પ્રતાપ દેખકે આપ હાં પ્રભુજી પ્રતાપ. મલ્લી.
મોહ માયામેંતે લપટાઇ.

મુડયું આબવ ઝાઝ.

મુડયુ મુડયુ કયા કરતેહે,

તારણુ મલ્લી જીનરાજ હે જીવડા તારણુ. મલ્લી.

કેશર ઘોળી રોજ પુજુ છું,

ધરી ધરી અતિ પ્રિત,

તાથેઈ તાથેઈ નાચું પ્રીતે,

ગાયે 'મણી' ગીત, હે પ્રભુજી ગાયે. મલ્લી

૩૩

દશા આ શી થઇ મારી—રાક.

જગતની જાળમાં પ્યારા, ફસાણાછો બંધુ મારા.

સાખી.

દુઃખ સુખ દુર્ગ દીસે બધે, જોતાં આ સંસાર,
મીથ્યા મહીની બાજીઆ, દીસેછે નીરધાર.

ફસાણાછો સજ્જ પ્યારા, કહોજી કેમ થશો ન્યારા

સાખી.

જીન સ્મરણુ કર ચાતથી, પાર્શ્વ નાથ ભગવાન

તેજ ફગારે•ત્રીકમો, આપીને સદ્ જ્ઞાન.
કહે છે "મણી" કરો ધારો નમો નીત ચીતથી પ્યારો

૩૪

છોડી બામનકી--રાહ.

માળ ફુલનકી [૨] પ્રેમે જઇ કંથુ કંઠ ધરૂ
ત્રિભુવનનો નાથ જાણીને, પ્રીતે પુજવા આવું;
જગજીવન જગનાથ તું સાચો,
હું બાળ આપનો કાવું. માળ૦
મોહ માયામાં હું લપટાઈ,શરણ આપને આવો;
ચાર ગતિ મુજ દૂર નિવારો,
'મણી' વંદે તુમ પાઓ માળ૦

૩૫

સુરત ભુવન સૃંગાર—રાહ

મુરત સુરત સુખકાર, મુખ મુદ્રા પર ચંદ્રમાં.મુખ
રસિલી સુરત સુખકાર, ઉરમાં દીપે વંદમાં સહી(૩)
જય હો જગધર ગીરીવર શ્રીજધર

પાર્શ્વંપતિ ભગવાન, બસબસ.
અતિ આભુષણ અંગ, બ્યંગ ઉમંગે તે ખરે
સહુ દાસોમાં ઉમંગ,, સુખ શાંતી દાતા કરે-સહી (૩)
સુખ કર ગીરીવર જીનવર નટવર,
નરહરજીન પતિરાય.
રાખેલાજ 'મણી' કીંકરો કહે છે,
પાર્શ્વંપતિ જીનરાય. બસ.

૩૫

રોઇ હાલ કહો-જાકે. રાહ.

પ્રભુ તારો તારો તારો
ચાત પાર્શ્વ એક ધાર્યો. પ્રભુ.
ઇંદ્રીના સુખે હું ઘણું મોહી,
રાખી નહીં કાંઈ સાન:
મગ્ન થયો હું દેખી ખાન પાન,
શુણી બોત ગાન ભુલીને ભાન પ્રભુ.
દેશ દેશાંતર હું બહુ ભટકયો,

કુમતી કેરા યજમાન;
બોલ ધર્યો ન સુમતીનો કાન,
અબદયાતું આણુ, ધરૂં તારૂં ધ્યાન પ્રભુ.

૩૭

કીને દેખા ભીયારે—રાહ

પુજ્જુ પુજુ પાર્શ્વ ગોડી પાય આણી હરષ;
આણી હરષ ઉર આણી હરષ પુજ્જુ
નવે ગાજતહે ખંડ ભુવનકા,
પુજે શુરાદિ દેવ ઇંદ્ર સમક્ષ. પુજ્જુ.
'મણી' મુખસે એહીકી કહત હય
કાપો મોહાદિ બાધે જેથી સુયશ પુજ્જુ.

૩૮

વીનતી ધરજો ધ્યાન—રાહ

પુજ્જુ શીતલ જીનરાજ પ્રીત ધરી,
પુજ્જુ શીતલ જીનરાજ.
ક્રોધ કષાયને મોહને છોડી, પ્રેમેવંદુ શીરતાજ—પ્રીત.

ત્રણ ભુવનનો તુજ સ્વામી છે, તારે મુકતુ ઝાઝ—પ્રીત
સુરેન્દ્ર તારી સેવા કરે છે,
ધારી સુંદર સાજ. પ્રીત ધરી
નંદા દેવી નંદ સ્પૃહા પુરેને, સુધારી મારૂં કાજ—પ્રી
સુંદીર કેશર ચંદન ઘસી, પ્રીતે પુજુ મહારાજ--પ્રી
સુંદીર કેતકી ગુલાબ પુષ્પો,
લાવી ચડાવું હું આજ પ્રીત ધરી
હીરા માણેકની આંગી રચાવું,
શીતળ મંદીર આજ પ્રીત ધરી
હાંકર જોડી માગે છે સેવક, 'મણી'ની રાખો લાજ--પ્રીત

૩૯

રાગ—હોરી.

પ્રેમથી ભજ જીન સુખકારી,
જેથી નિત્ય સુખી નર નારી;
ભવ ઉદધિથી તરવા માટે, ઝાઝદીએ એ મોરારી
અસુરજનોને પ્રેમથી મારી, દીધી ખરેનર્ક બારી

એવા જીન ભજ નીરધારી, પ્રેમથી.
કુડ કપટને કામી થઇને, માંગ્યો મુરખ મનમરી
કેમ મુકે તને યમ દમ દેતાં. માટે તું ભજ ભવતારી
અકળ કૃતી જેને વીસ્તારી. પ્રેમથી.

૪૦

આ હાર જોઈ કંઇ કંઇ થાયજો-રાહ.

જીન મુખ જોઈ મન હરખાયજો,
વાહ કેવું તે શોભે;
કોટીક ઇંદુ મુખપર બીરાજેજો:
જોવા મન મુજ લોભે.
રૂડી રસીલી મુરત છબીલી,
કંઠમાં દીસેછે રૂડા હારજો.
દીન જનો તણાં દુઃખ વીહારી કૃતી પર વરી,
વિહારી, વિહારી, સુખકારી, દુઃખહારી;
જીન તાર મુરત છબીલી સુખકર—જીન,

૪૧

મહેતાજીરે શું મહી-રાહ.

સુપાર્શ્વજીરે ભાવે ભજો ચીત ધારી;

એ પન્નગધર ગીરધારી:

સુખ કરતારે જીન સદા સુખકારી,
ભાવે ભજવા ગુણકારી.

ઝુલ.

મુખ મુદ્રે ઇંદુ બીરાજેરે,
તસ કીર્તી સહુ સ્થળે ગાજેરે;
જીન રાજ રાજેશ્વર રાજેરે
સુપાર્શ્વરે નાથ દીસે દુઃખ હારી એપન્નગધર

દીસેછેરે સુરત મન હરનારી,
જોઉ શોભાને બલીહારી.

ઝુલ,

જયજય જીનપર ઉપકારીરે,
લાગે મધુરી મૂર્ત્તિ તમારીરે;
જાઉ શોભા પરહું વારીરે,
'મણી'નેરે કર સુખ શાંતી સારી. એપન્નગધ

૪૨

સીપાઇ તેરી ના લીશ—રાહ

શ્રી જીન નમો નેમે તમે સર્વ ભાઇ

જે જગતારક રાયારે જીવડા શ્રીજીન.
શોભે સરસ મુખ મુદ્રા શ્રી જીનની,
જ્ઞાનના મારગ બતાઇરે જીવડા શ્રી.
દુર્લભ દેવા સેવા તારી સ્વામી
ગામી સદા શીવ સાઇરે જીવડા. શ્રી

૪૩

વીર કરો વિજય વિજય—રાહ.

પ્રીતે પુજો સંભવ આણી હેત? સંભવ.
શીશ મુગટ હીરે જડયો, હાથે બાજુ હેમે મડયો,
કંઠે ધર્યો હાર મુકતા, સ્વેત સ્વેત સ્વેત. પ્રીતે
આંગી ઉતમ સોહે છે દેખી દીલડુ મોહે છે,
રૂડી દીસે વિભુકાંન્તિ જયેત જયેત જયેત. પ્રીતે
દિવ્ય મંદીર શોભે છે જોવાને મન લોભે છે
વિજુ પ્રગટયા ભરત ખેત ખેત ખેત—પ્રીતે

૪૪

પુનમ ચાંદની ખીલી—રાહ.

શ્રી જીન પતિ જાપ જપો સહુરે, :

એ છે જગ કરતા જીન દેવ દયાળ
માટે પ્રેમ સહીત ભક્તિથી ભજ જીન રાયનેરે.

સાખી.

મોહન ગારી મુરતી, રમતી હ્રદય સંગાથ;
ખટ દર્શન જીનનાં થકી, પાપ પ્રલય થઈ જાત.
જીન સેવન પુજન કરતાં કીસ્મીશક પાયછેરે,
જે છે દીન સેવકના અરીઓના પ્રીય કાળ–માટે

સાખી.

અનુચર આવી આપના, ગુણ સદાયે ગાય;
મુખ મુંદ્રા તુજ દેખીને, ખુશી ખુશી દીલ થાય.
મમ પરમેશ્વરને સરવેશ્વર છે જીનરાયજીરે,
આવી અરજ ગુજારે આપ તણા, પ્રીય બાળ–માટે.

સાખી.

શાંત સુધાકર તુલ્યછે, વદન વીમળ જીન દેવ;
પ્રેમે કરતા પ્રાર્થના, આ બાળો તત ક્ષેવ.
ભવ દવ દાહ થકી તું તાર ત્રીકમ આ બાળનેરે
અશરણ શરણ સદા 'મણી'નાં દુઃખો ટાળ–માટે

૪૫

ડરમાં તું દીલ સાથ રાહ.

વિનતીધર મુજ ધ્યાન પ્રભુજી વિનતીધર મુજ ધ્યાન
શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રભુજી વિનતી.
મીથ્યા મલી તણી જુઠી છે બાજી,
ભક્તી ખરી તુજ છે સુખકારી,
છે ફુલવાડી સમાન સંસારી;
તાત ઉગાર તું ભવજળ તારી,
ભવ અટવીથી લ્યોને ઉગારી;
(મને નર્કની ગોદમાંથી ઉગારો.)
હું માગું એવું દાન ખરે હું માગું એવું દાન. પ્રભુજી.
સુરત તમારી છે બહુ સારી,
પરચો તમારો છે સત્ય હે સ્વામી,
'મણી' નમે કીંકર શીશનામી;
પાર્શ્વનાથ છે, શીવસુખ ગામી,
આપ પ્રતાપે નમું હે નમામી;

(મને સુમતી દેઈ કુમતી કાંપા)
દયો સુમતીને વિભુજ્ઞાન. પ્રભુજી

૪૬

જયક કલંદર બીન બીન શીર કર-રાગ.

શ્રી સંભવ જીનરાજ સલુણા દેખત દુર્ગ વિદારો તમે;
અજર અમર અકલંક જીનેશ્વર,
આવી અર્જ કરીએ અમે.
વાસુપુજ્ય ભગવાન, આપો સન્મતીને જ્ઞાન;
દીઓ મને સુમતિ કે જેથી ધરૂં ધ્યાન;
પ્રેમે નેમે ભેમે ભજુ જીન ભગવાન-શ્રી સંભવ.

૪૭

મધુર સ્વર કયાંથી-રાગ.

મારે મન આનંદ આજ અપાર,
નીરખ્યા નાભી કુમાર, મારેમન.
અશરણ શરણ કરણ જગનાયક,
રૂપ સ્વરૂપ ભંડાર. મારેમન
અજર અમર અકલંક જીનેશ્વર,

નીરખ્યો નેહે ધરી પ્યાર. મારેમન.
દીન દયાળુ અને માયાળુ,
પાળક શીવ સુખસાર. મારેમન.
સેવા કરતાં મેવા પામ્યો,
કહે 'મણી' નીરધાર. મારેમન.

૪૮

વખત વીચારો શ્રીહરી-રાગ.

અરજ અમારી જીનપતિ તમે ધારો હ્રદય આવારે,
તમે ધારો હ્રદયે આવારે;
પ્રભુ આપ તણી પ્રીય સાહ્ય જગત સઘળું ધારે;
છો અશરણ શરણુ દયાળ પ્રભુ પ્યારા નામી,
પ્યારા નામી;
શ્રી પાર્શ્વનાથ ભગવાન નમું હું શીશનામી (૨)
જીન જીન સમરૂ જાત (૨) તાતવ્હારે ધાવોવ્હારે ધાવે
પ્રભુ મોક્ષ તણો શુભ માર્ગ સદા મુજને બતાવો
પાર્શ્વનાથ સગુણા જીન પાર આવ્યો તારે,
ને કટેકથી નમું છું મારે કે ઉગારે;

એક છે ભરૂસો તારો પાર્શ્વનાથ પ્યારા,
સદા રહો પાસ નાથ શો જીન ન્યાયા;
મને તમારી આશ (૨) દાસને તારોછો તારોછો
કહે છે 'મણી' કીંકર આજ અરીને મારો છો.

૪૯

મેરા ગમકાતરાના-રાહ.

મલ્લી જીન અમારી, અરજ પ્યારી, ઉરમાં ધારી,
સેવકને સંભાળ;
તિ સુખકારી દે દુ:ખહારી હે ગીરધારી,
સુમને સંભાળ.
સેવકલી શ્રી જીનરાજ સલુણા ભોયણપુરમાંવાસ;;ારે
મલ્સકળ સમાજ નમે નીત્ય પ્રીતે, લળીલળી તારા
પ્રીય મુરત તારી મન હરનારી જાઉ બલીહારી;
સેવકને સંભાળ. મલ્લીજીન

૫૦

તારા ન્યારા થઈ જજો—રાહ

સાજ સજી સહુ ચાલજો, નેમ નિરંજન પાર;

નાથ સાચો એ જગતમાં, નિરાધાર આધાર.
આવું પ્યારી સખીરી થઈછું અધીરી;
વિભુ પુજવા નેમ શીરતાજ,
સાહેલી વિભુ પુજવા નેમ શીરતાજ;
પુજી થઈએ પાવન સૌ આજ
પ્યારી ઝટ સજીલ્યોને સાજ. વિભુ પુજવા.
વાહવાહ સુરત રંગીલી વિભુ મુરત રસીલી;
પ્રભુ મુખચંદ્રના સમાન;
ભય ભંજન મુખ ચંદ્રના સમાન;
જોઈ હું તો ભુલીનીજ ભાન,
પુજે સર્વે શુરાદિ સમાન, કરે હર્ષે ગાંધર્વ નિત્ય ગયાન.
શીશ કીરટ કેવો દીપે જડીયાં માણેક પાન;
ભાલ તિલક હીરો શોભે ઓપતાં કુંડળ કાન.
જપો જપો નેમેશ્વર નામ;
ટાળી મોહ માયાદિ તમામ;
તારો તારો સેવક નેમ સ્યામ.

૫૧

ગાજે ગગન ધરરરર—રાહ

મારા લટકાળા લાલ, મારા લટકાળા લાલ,
હાલ મટકે નમીને વધાવીએ;
જીન દીનદયાળ જીન દીનદયાળ,
બાળો ભક્તી કરી મન ભાવીએ.
સદા સેવુ જીન જગતપાળ, કુડ કાપે અવિનાન
આળ. મારા.

સાખી.

સચરાચર વ્યાપક વિભુ વીનતી ધર જીન ધ્યાન,
દ્રઢતા દીનની દેખીને.
અરે દીલમાં લે લીઓ મુજ ધ્યાનરે,
તાતજી પાર્શ્વનાથ તમે,
તુમ ગુણ ગાતા આ દાસરે તાતજી.

સાખી.

મુક્તી મેળવવા મળી, દાસ સદા ગુણ ગાય;

બાપુ સુત 'મણી' દેખાને
ઝટપટ લાગેરે ટરે ભકતી જીન તાહરીરે લોલ
પીતાજી પુત્ર આપનો લળી લળી તો ઘણો
દયા લાવો જીન તાત, ઉર ઉમંગ અમે લાવીએ
અમે લાવીએ મન ભાવીએ. મારા

૫૨

અપમાન કર્યું એક સુંદરીએ. રાહ

મહાવીર પુજીને ભવ તરીએ, ભવતરીએ
સુકૃત કરીએ. મહાવીર.
ભરત ક્ષેત્રનો એ સ્વામી છે,
ત્રીલોકમાં કીર્તી એની જામી છે;
જાણી કેમ ડુબીએ ભરદરીએ. મહાવીર.
સુત સીધારરથ ત્રીસલા જાયો,
વીરપણું જોઈ મહાવીર કા'વ્યો,
વીર પ્રભુને પ્રીતે વંદન કરીએ. મહાવીર.

૫૩

આજ સ્યામ મોહેલીનો—રાહ

પાર્શ્વનાથ મુને તારો સેવક દીન જાનકે,

સેવક દીન જાણી વ્હાલા,
છોરૂં આપ માનકે. પાર્શ્વનાથ.

ફેર ફેર કર્મ કરત જાત,
સંસાર દેહ ધરત જાત;
આપ નામ નહિ જપ્યું અવદાત સબમાનકે, પાર્શ્વ.

૫૪

જુદા તારીફ હમ કબ કીસ્ને—રાહ

સદા કરસાહ્ય હે જગરાય નમુ પ્રેમ ધરી ?
પ્રભુ પ્રીતે પાય નમું થાય સાહ્ય સુધર્મ કરી.
સદા સુખ શાતછે સી:જીનપતિ શાત છે;
અકળ કૃતી શું વરણવું જે આ:મહીનો તાત છે.
મહીજળ તેજ વાયુ અગ્ની આગમાંય ભરી:
ભુલ કહો કેમ સાચો નેમ પ્રેમથી ઉચરી. સદાકર.
પાયે નીત્ય પડો સહુ પ્રેમ ધરી પાર્શ્વને,
જે છે આ જગતાત જઈ બેસો તેની કને;
કહે 'મણી' દાસ આપ પાસ રહી ભક્તી ધરી,
કરો જેથી સાહ્ય કે રાય હું તો જઉં જલદી તરી.સદાકર·

૫૫

ભરથરીનો—રાહ

અરજ અમારી ઉરે ધરો
જીન દીન દયાળજી;
મે'ર નજર કરો મુજપરે, વીનવે તુજ બાળજી,
સાચો ભરૂસો છે તાહેરો.

કુડ કપટમાં રમી અને, કર્યો પાપનો પાસજી,
જારી વીકારી હું વંઠીયો, માટે તારો અવીનાશજી'
સાચો ભરૂસો છે તાહેરો.

જગતતણા પ્રતીપાલ છો,
સાચા છો ન્યાયાધીશજી;
ન્યાય અન્યાય તું સર્વને,
આપે છે બક્ષીસજી. સાચો.

કરૂણા કરો હે કૃપાળજી, શાણા જગપતિ રાયજી,
પ્રેમ સહીત સેવક 'મણી' ગુણતાં હરા ગાયજી સાચો

૫૬

નમામી મહીસાસુર—રાહ.

પ્રણામી પાર્શ્વપતિ ૐ શ્રી;

પ્રણામો અકળાકૃતી ૐ શ્રી.
પ્રણતપાળ દયાળ દર્શન તાહરાં છે ખરાં,
સુખ કરો, દુઃખ હરો,
જગત સરજનહાર તાર શ્રી પાર્શ્વપતિ. પ્રણામો.
કરૂણાળુ કરૂણા કરો હે પ્રભુ,
મયાળુ મયાતો કરો હે પ્રભુ;
કોટીક ઇંદુ મુખ મુદ્રાપર, પ્રેમે નમું છું હે ગીરીશ,
પા અનાથપ્રીતે નમું, નીત્ય હું શર્ણું ભમું
પ્રેમ ધારી મુરારી તાર શ્રીપાર્શ્વપતિ પ્રણામો.

૫૭

આ ચીરમ સમય રસિક—રાહ

શ્રી જીન દીન બાળકોની અરજ ઉર ધરે,
કૃપાળુજી કૃપા કરી શુભ દ્રષ્ટી તો કરે;
અમ બાળ પરે, જીન હાથ ધરે,
જેથી ઉગરે, શુભ ભકતી વરે;
પ્રીય તાત શાત તું છે વાહ છે વાહ છે વાહ. વાહ શ્રી
જીવે છે બાળ આપતણા આશ્રયો વડે,

કીધેલ કર્મ મર્મ પુર્વે જન્મના નડે;
મળીને આજ સંગરંગ દોસ્તો ઓચરે,
સદાય દાસ 'મણી'ની વીનંતી ઉર ધરે.

૫૮

રાજાજી અરજ ઉરમાં ધારો-રાહ

શ્રી જીનપતી નાથ સંભારો,
ભવ ઉદધીથી અમ ઉગારો. શ્રી જીન.
ઠાર ઠાર નામ તમારૂ વ્યાપ્યું છે,
શ્રી જીન નાથ અનુપહાં સુત સંભારો.

સાખી.

જગ નાયક જગદીશ તું, ધાર અમારી વ્હાર;
આ દુનીયા માંહી કંઈ, દીઠાં નામે સાર.
ધારી અમારી આ અરજી પીતાજી,
શ્રી જીનનાથ અનુપહાં સુત સંભારો.

સાખી.

માગું છું હું એટલું, જગતપતિ તુજ પાસ;

નીતી જ્ઞાન દે મુજને, કહેછે 'મણી'દાસ,
પ્યારી તમારી છે ભક્તી સુકારી,
શ્રી જીન નાથ અનુપહાં સુત સંભારો. શ્રી જીન.

૫૯

રાજા વાત કહું છું સાચી—રાહ

પુજી પાર્શ્વજીનનાથ જાઉં આજ વારીરે;
જાઉં આજ વારીરે જાઉં આજ વારીરે. પુજી.
સુંદર સુરત તેજ ભાનુ સમ, મીન સમોવડ નેણ;
મહા મનોહર દેખી સુરત, હરખ્યા અશ્વશેન, પુજી,
સુરેન્દ્ર આદિ સકળ સમાજે, હુલરાયા હેત આણી;
પરણ્યા પ્રીતે પ્રભાવતી નારી,
બત્રીશ લક્ષણી જાણી. પુજી.
મણીધર દવથી બળતા ઉગાર્યા, નવ કારમંત્ર સુણાવી;
કમઠ કોપથી કંઇકિ નીવાર્યા, કરૂણા ઉરમાં લાવી. પુજી.
શીવનારી પ્રભુ આપતો વરીયા, હું રહયો અજ્ઞાની;
દાસ 'મણી'ને વિભુ ઉગારો, સેવક આપનો જાણી. પુજી

૬૦

પામ્યો પામ્યો પદ્મણી–રાહ

પુજો પુજો હરખ સૌ આણી હો,
વિભુ શીતલ જીન જગ સ્વામી.
કંચન ઝારી વારી ભરેલી,
પખાલ કરતાં થઇ રંગરેલી,
હઇયે હરખ બહુ લાવી હો. વીભુ શીતલ.
મૃગ મદ કેશર અત્તર ઢોળી,
પુજુ પ્રભુજી દીલડું ખોલી,
શેવા ઉર બહુ ભાવી હો. વીભુ શીતલ.
ગુલાબ મોગરો દાવદી કેરાં,
જાઇ જુઇ ને ફુલ ઘણેરાં,
રાચુ હું પ્રીતે ચઢાવી હો. વીભુ શીતલ.
ગુણ પ્રભુના પ્રીતે હું ગાઇ,
છાજી છુમ નાચું થૈ થૈ થાઇ,
જાચુ સુખ ઉલટ હું લાવી હો. વીભુ શીતલ.

૬૧

મેનાવતી માતા બાદલ—રાહ

તું ચેતી લે મન, મુળ સ્વરૂપ શું છે તાહરૂં.
નીરખી નેમી જનની પ્યારી, મુરત સુરત સુખકાર,
પલક એકમાં મોક્ષ મળે જે છે જીન જગધારરે. તું
મીથ્યા મહીની જુઠીછે બાજી, તેમાં ૪સાણોધાર;
કરી ચોરી હરયું ધન પારકુ પછી કેમન મારે મારરે. તું
દ્રષ્ટી અંધ થઇને પતંગ પ્રજળે દીવામાંહી;
તેં સહુથી બચવાને માટે, નેમનાથ સુખદાઈ તું.
બાપુ સુત 'મણી' દાસ તમારો નાથ પડે નીત્ય પાય,
મંગળ કરતું મ્હેરકરીને સરવ જય જય થાયરે. તું.

૬૨

કર કરૂણા જગનાથ—રાહ

તાર મુજને વિશ્વનાથ દુઃખથી તાર મુજને વિશ્વનાથ;
કાઢ ઝાલી મારો હાથ પ્રભુજી કાઢ ઝાલી મારો હાથ;
છોડ વી કુમતિનો સાથ—દુઃખથી તાર.
પાર્શ્વપ્રભુજી, અરજ કરૂંજી,

સ્થિર ચરવ્યાપ્ત આપછો સ્વામી,
મંગળ પ્રદ પુર્ણુ ગુણુ નિધામી;
ક્ષમા કરો દીન શેવકની ખામી,
માગેછે કીંકરશીશ પ્રણામી, (મને આ દુ:ખથી ઉગારો
મુને સોંપી સુમતિ સાથ હાંહાં મુને સોંપી સુમતિસાથ. દુ
પીનાક ધારં, વિઘ્ન નિવારં,
આપની છે વિભુ અકળીત માયા,
ભકતો નીવારે પ્રભુ તમે ધાયા,
ભકતી રૂપી આપ અમ્રત કયારા,
દુ:ખી તરૂવર કંઇક ઉગાર્યાં; (વીભુ મને પણુ તેમજ ઉગારો)
ઝટ ઝાલી 'મણી' હાથ હાંહાં ઝટ ઝાલી 'મણી' હાથ. દુ

૬૩

ત્રીતાલી ચોપાઇની ચાલ—રાહ

ચાલો મહાવીર મંદીર જઇએ, પ્રભુ પુજીને પાવન થઇએ:
આંગી રત્ન જડીત શીશોભે, લળી લળી જોવા મન લોભે
હીરા માણેકે મુગટ જડેલો, રત્ન આદી શુવરણે મઢેલો;

૫૩

કાને કુંડળ બેરખાં બાંયે, નવ લખાં જડ્યાં નંગ માંહે.
મુક્તા હાર શોભે કંઠ ચીશે, જ્યોત જેની પ્રગટી ચોદીશે;
ઇન્દ્ર જાળ જેવુ જગત જાણી, પ્રભુ પુજો સદા હેત આણી
શાશન નાયક એ ત્રીભુવનનો વળી બેલીછે દુખીઆ
જનનો;
નમો તન મન વચન સુધારી, 'મણી' લેજો પ્રભુ તું
ઉગારી.

૫૪

અમ્રત સરખુ સુખયકારીરે—રાહ.

જીન દરીશનછે સુખકારીરે, ચાલો નેમ મંદીર જઇયે.
રચી આંગી અનુપમ ભારીરે, ચાલો નેમ.
મણી માણેક નવલખા હીરેરે, જડ્યો મુગટ શીશ શોભે.
કાને કુંડળ ઉંચા કનકનારે, જોવાને મમ ચીત લોભે.
ધર્યા કંઠે મુકતાફળ હારોરે, જ્યોત જેની ચોદીશ ઝળકે;
ભાલ તીલક હીરો સારોરે, જોવાને મમ ચીત સળકે.
બાજુ સુંદર બાંહયે ધાર્યારે, હેમ કડાં કર બહુ શોભે;
આવી ઉત્તમ અનુપમ આંગીરે, દેખીને મુજ મન ક્ષોભે.

ચરણકમળ સેવા આપોરે, દીકર જાંડી ' મણી ' માગે;
વળી ભવોભવી દુખડાં કાપોરે, આવી ઉભો છે તુમ આગે

૬૫

રાગ ધનાશ્રી.

જય જય જગદાધાર શ્રી જીનપતી જય૦
અકળકૃતી સુખદાર. શ્રી જીનપતી.
કર્ણમાં કુંડળ કીરટ શીરે છે, ઉરમાં મુકતાહાર. શ્રીજીન.
કટીબંધ શું શોભે પ્રભુજી, ઇંદુ મુખે નીરધાર. શ્રીજીન.
અલ્પ મતિનો હું બાળક તારો, શર્ણું થશો સુકુમાર શ્રીજીન
હીરા અમોલીક રત્ન જડીત છે,
કીરીટ કુંડળ ઉરહાર. શ્રી જીનપતી.
પારન પામે ગુણ તુજ ગણતાં,
અકળ કળા વીસ્તાર. શ્રી જીનપતી.
આશ પુરો આ બાળક કેરી, જેથી રહે સુખકાર શ્રીજીન.
બાપુ સુત 'મણી' ઇચ્છે એવું, સુમતિ દયો કરતાર શ્રીજીન

૬૬

જો જોને પેલો કુમાર—રાહ.

પુજોને ઋષભ જીણંદ જીણંદ મારા બંધુ પુજોને૦

રાખ્યો ખોટો દમામ;
જુઠું સબ હવે જાણીયું નેકી એક તુજ સેવ,
ધારી હૃદયમાં પ્રીતથી સાહ્ય થાત નક્ષેવ.
નિરંજન જે શુભ નામ ભજીને કરો સુકૃત કામ ભમ્યો

૫૭

હાય હાય હાય હીરા બય મારા—રાહ.

વાહ વાહ જુઓ શોભે હીરા આંગી
કેવી ઝક ઝક થાય;
નેકી નેકી નીત્ય ચીત્ત પેરે વિભુ પુજવા મન બહુ થાય
નાથ નીરંજન નેમ પુજે કર્મ નિગોદનાં તુટશે;
કામ ક્રોધ કષાયને છોડે ભવી દુઃખ ફુટશે.
રે વિભુજી અહો હાથ (૨)
વિનવે 'મણી' અનાથ, સોંપીને સુમતી સાથ વાહ.

૫૮

શાર્દૂળ વિક્રિડત છંદ.

સ્વામી શીતળ નાથ હે રસરતા, દાતા વિભૂ દીનના;
સુ આભાવિ વિલાસિ દાસ વિનવે આવી મતી હીનના.

પેખીને અવદાત હાસ સઘળું હું મૂઢ મોઢી રહું;
આત્મા સાર્થક મેં નહીં કંઇ કર્યું શું તુંજ પાસે લહું

૬૮

સીતાજીના મહીનાનો-રાહ.

સખી આદીતે આનંદકારી શ્રી પાર્શ્વપતિ દીસે;
દઇ દરશન કાપે દુઃખ સેવકના હ્રદય વીશે.
સખી સોમે શશી સમ મુખ પ્રમુખ શ્રી જીન છે;
પાર્શ્વનાથ તણા પ્રીયભક્ત ભક્તી મહા લીન છે.
સખી મંગળે મંગળકારી મુરત દીસે મોહીની;
મંગળ વરતાવે મહીમાંય સુરત દીસે સોહીની.
સખી બુધે બુધ્ધિના દાતાર દયાળુ દાનેશ્વરા;
જશ જગમાં જામ્યો જુથ સાથ ખરૂં કહું ઇશ્વરા.
સખી ગુરૂએ ગુણના ભંડાર ભૃગુપતિ ભાળીયા;
કરી મે'ર માયાળુ એ આજ સદા દુઃખો ટાળીયાં.
સખી શુક્રે સરવદા જીન દયાળુ દેખાવમાં;
ધરી પ્રેમ નમો જીનનાથ પ્રકાળી સાવમાં.

મરૂ દેવીનદા રીખભ જીણુદા,
નાભી રાયકાનંદ–નંદ મારા બંધુ પુજોને૦
નાથ ત્રીલોકના ઇક્ષાંકુ ઉપન્યા,
પાયે વૃષભ લંછન–લંછન મારા બંધુ પુજોને૦
અયોધ્યા નગરી અણુમે અવતરી,
ઉપજાવ્યો અતિ આનંદ–આનંદ મારા બંધુ પુજોને૦
ચઇતર વદની અષ્ટમી દીને,
હુવા પ્રથમ મુનીચંદ–ચંદ મારા બંધુ પુજોને૦
ત્રીભુવન માતા સદ્ગતી દાતા,
માગે 'મણી' સુખકંદ–કંદ મારા બંધુ પુજોને૦

૭૦

હરમાન ધરમાંહી હડીપા કરે–રાહ.

સેવક પાર આવી સ્તુતી કરે આજે,
નાથ નિરંજન નામ જપે;
શાન્તી દે શાંતી તું ભ્રાન્તી છોડાવીને,
તુજ દરશનમાં જીવ તલપે,
કાઢી દે કાઢી ભવ દુઃખ આજ,

રાખ તું મુજ મુજ લાજ;
વા! વા! કેવી શોભે આંગી શીરતાજ—સેવક.
આવી અડયો પાર, પ્રભુ મુને તાર;
નથી બીજો મુને પ્રભુજી આધાર—સેવક.
આજ મુને તાર, વિભુ મુને તાર,
શાન્તી તું આજ મુને તાર તાર તાર—સેવક.

૭૧

નથી જગતમાં સાથ સંબંધી-રાહ.

ભમ્યો ભ્રમણમાં ભાન ભુલી હું,
તજી મલ્લીજીન નામ;
થઇ નીરલજ જ્યાં ત્યાં ફરી મુરખમેં,
ખોઇ બાજી તમામ,
ભવ ઉદધીમાં નાવ ખેડીયું લાદી થયો શ્રીકાર;
પુન્ય મારગ હું તજી સંચરીયો, પાપ વાટ મોઝાર.
દરકાર કરી નહીં પે'લી,
વીમાસણ થઇ છેલી;
નિરંજન જે શુભ નામ તજીને,

સખી શનીવારે શીવરાય સંભાળો આ બાળને:
કહે 'મણી' હે દીનદયાળ સદા દુ:ખો ટાળને.

૭૨

મંગળકર ઉદયહર-રાહ.

જય જય કર ધર ગિરીધર અરજ આ ખરી;
પાર્શ્વનાથ દીનદયાળ સુમતિ દે જરી;
અલ્પ બુધ્ધિથી અમે તો બુક આ કરી;
ભુલચુક ખોડ ખામી સાથ ઓચરી;
સુજ્ઞ સહુ સમાજ વાંચજો કરી પરી:
ભુલને, ચુકને, પ્રુફને, સુધારી, નરનારી,
સુખકારી વાંચવી ખરી. જય જય.

કવિ નથી હું બાળકું અજાણ્યો કીકરો;
માટે ભુલચુક સર્વ માફ તો કરો;
'મણીલાલ' કહે શ્રી જીન સર્વ ઓચરો;
ચરણે, શરણે, ભરણે, જીન ભજવા, કુડ તજવાં,
નિતિ સજવાં વીનતી જરી. જય જય.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સાહેબોનાં મુબારક નામ.

મુની મહારાજ શ્રી મોહનલાલજી પાટણ જૈન પાઠશાળા તરફથી.

૧ શા. મણીલાલ બલાખીદાસ.
૧ ,, ભોગીલાલ જેસંગ.
૧ ,, મણીલાલ ઉતમચંદ.
૧ ,, મગનલાલ ચુનીલાલ.
૧ ,, નગીનદાસ લલુ.
૧ ,, મોહનલાલ ભાણાભાઇ.
૧ ,, મણીલાલ લહેરચંદ.
૧ ,, મોહનલાલ પ્રેમચંદ.
૧ ,, ફીલાચંદ ભીખાચંદ.
૧ ,, મણીલાલ છોટાલાલ.

૧ ,, મોહનલાલ જેઠા.
૧ ,, જીવા નગીન.
૧૦ સુરતી મોહન ડાયા.
૧૦ શા ચુનીલાલ મોહનલાલ
૧૦ ,, નાથાલાલ પુરશોતમ.
૧૦ ,, જેસંગભાઇ નથુભાઇ.
૧૦ ,, ચીમનલાલ છોટાલાલ.
૮૫ નગરશેઠ સુરજમલ હેમચંદ.
૧ ,, ભીખાચંદ કરમચંદ.
૧ ,, હીરાલાલ નાગરદાસ.
૧ ,, વાડીલાલ નાગરદાસ.
૧ ,, ખેમચંદ ત્રીભોવનદાસ.
૨ ,, મોહકમચંદ મોતીચંદ.
૧૦ ,, બબાચંદ બાદરચંદ.
૨ ,, હીંમતલાલ લલુચંદ.
૨ ,, કેશરીચંદ જેચંદ.
૨ ,, સુરજમલ લહેરચંદ.

૨ ,, ભોગીલાલ લહેરચંદ.
૨ ,, ભીખાચંદ ઘેહેલાચંદ.
૨ ,, ચુનીલાલ ગોદડચંદ.
૧ ,, વાડીલાલ ત્રીભોવનદાસ.
૧ ,, લહેરચંદ રતનચંદ.
૧ ,, કેશવલાલ છોટાલાલ.
૧ ,, જીવાચંદ રતનચંદ.
૧ ,, ભોગીલાલ વીરચંદ.
૧ ,, મંગળદાસ કલ્યાણદાસ.
૧ ,, મોહનલાલ કચરાચંદ.
૧ ,, મોહનલાલ કસ્તુરચંદ.
૧ ,, પુનમચંદ આલમચંદ.
૧ ,, વાડીલાલ હીરાચંદ.
૧ ,, ત્રીભોવનદાસ નાગરદાસ.
૧ ,, છગનલાલ આલમચંદ.
૧ ,, જેસંગ પ્રેમચંદ.

૧ ,, કેશવલાલ લલુચંદ.
૧ ,, હીરાલાલ ચુનીલાલ.
૧ ,, મંગળ નહાલચંદ.
૧ ,, પોપટલાલ લહેરૂચંદ.
૧ ,, સરૂપચંદ મોહનલાલ.
૧ ,, જેસંગચંદ સરૂપચંદ.
૧ ,, મણીલાલ સાંકળચંદ.
૧ ,, મોતીલાલ સાંકળચંદ.
૧ ,, ચુનીલાલ લલુભાઈ.
૧ ,, લલુચંદ વાડીલાલ.
૧ ,, મનસુખલાલ સાંકુભાઇ.
૧ ,, મણીલાલ લલુભાઈ.
૧૦ ,, ચોકશી. મણીલાલ જીવાભાઈ.
૧૦ ,, પુનમચદં વીરચંદ.
૧૫ .. શોની. જેઠાલાલ મગનલાલ.
૫ ,, રણછોડ દાસ દયારામ.

૫ ,, બાપાલાલ ગોવરધન દાસ.

૫ ,, જડીયા. અંબલાલ છબીલદાસ,

૬ ,; સોની. ચુનીલાલ નારણદાસ.

૫ ,, મણી લાલ પરસોતમ.

૫ ,, વીજલાલ લલુ ભાઇ

૫ ,, ગોવર ધનદાસ રણછોડ.

૨ ,, ડાહ્યાલાલ ભાઇચંદ.

૧ ,' ચુનીલાલ ગોવીંદલાલ.

૧ સોની. મણીલાલ અમથારામ.

૧ ,, ગોરધનદાસ પરસોતમદાસ.

૧ ,, મણીલાલ વિઠલદાસ.

૧ ,, બાપાલાલ ગોરધન.

૧ ,, પનાલાલ ઈંદરજી.

૫ આચાર્ય ભાઇશંકર પ્રાણશંકર.

૨ શા. બાપાલાલ રતનચંદ.

૨ ,, નાથાલાલ ત્રીભોવનદાસ.

૧ અધારૂ બીહારીલાલ રામશંકર.
૧ દાકતર રામચંદ્ર.
૧ આચાર્ય માણેકલાલ મુળચંદ.
૧ ,, જીવણરામ મણીશ્વર.
૧ ગોરધનદાસ ગોપાળજી.
૧૦ બુકશેલર રેવાશંકર મોતીરામ.
૧ દયાશંકર રણછોડ.
૧ સાલવી ભાયચંદ ઊજમ.
૧ સાંકેશરા લલુભાઈ વીરચંદ.
૧ જાની હીરાલાલ રામશંકર.
૫ કાપડીઆ ચુનીલાલ.
૧ વોહોરા મણીલાલ પુનમચંદ.
૨૫ સંઘવી હીમતલાલ મનસુખરામ.
૧ ,, હીમતલાલ મોતીચંદ.
૧ મી. રણછોડ ઉમીયાશંકર.
૧ ,, ગોપાળદાસ ચુનીલાલ.
૧ ડોસાલાલ.

૧ ,, હેમતરામ હરગોવન.
૧ ,, ચંદુલાલ ઉદેલાલ.
૧ ,, પુંજારામ દલીરામ.
૧ ,, જીવાભાઇ મગન.
૧ રામી નારણદાસ જીવાભાઇ.
૧ સાંકેશરા. જવેર સાંકળચંદ.
૧ પાંડે. સાંકળચંદ ખેમચંદ.
૧ સંઘવી. પોપટલાલ હીરાચંદ.
૧ શેઠ. હીંમતલાલ લલુભાઇ.
૧ શા. ચુનીલાલ રતનચંદ.
૧ ,, નાગર ઉજમ.
૧ ,, દીપચંદ ચુનીલાલ.
૧ ,, મંગળચંદ ઊતમચંદ.
૧ ,, મોહનલાલ લલુભાઇ.
૧ ,, સરૂપચંદ નાનભાઇ.
૧ ,, મણીલાલ લહેરચંદ.

૧ સંઘવી. ડાહ્યાચંદ વધુચંદ.
૧ દવે. જટાશંકર ત્રીભોવનદાસ.
૧ ,, વેણીલાલ દલપતલાલ.
૧ ત્રવાડી. દયાશંકર રણછોડદાસ.
૧ મોદી ગગલભાઇ ચુનીલાલ.
૧ ઘાંચી. રણછોડ ભાયચંદ.
૧ મીસ્ત્રી. કાળીદાસ ગોવીંદરામ.
૧ ,, ભગવાન રૂપા.
૪ સલાટ. અમથારામ જેઠારામ.
૧ શેઠ. ડાહ્યાચંદ પાનાચંદ.
૧ શા. પોપટલાલ લખમીચંદ.
૧ ,, લલુચંદ દોલતચંદ.
૧ ,, વીઠલદાસ સરૂપચંદ.
૧ ,, ચીમનલાલ લલુભાઇ.
૧ ,, ચુનીલાલ લલુભાઇ.
૧ ,, ડાહ્યા ઉતમચંદ.

૧ ,, જેચંદ ઉજમચંદ.

૧ ,, લલુ ગલાબચંદ.

૧ ,, વાડીલાલ દેવચંદ.

૧ ,, ગભરૂચંદ વાડીલાલ.

૧ ,, દતુ નહાલચંદ.

૧ ,, બાપુલાલ ચુનીલાલ.

૧ ,, પુંજારામ આલમચંદ.

૧ ,, છોટાલાલ લલુભાઇ.

૧ ,, ડાહ્યાચંદ વાંડીલાલ.

૧ ,, ડાહ્યા લલુ.

૧ ,, ખુબચંદ બેચર.

૧ ,, લલુ ઉમેદ.

૧ ,, મણીલાલ છોટાલાલ.

૧ ,, વધુચંદ પાનાચંદ.

૧ ,, કીકા ડાહ્યા.

૧ ,, મણીલાલ ગભરૂ.

૧ ,, વાડીલાલ ડાહ્યાચંદ.
૧ ,, કસ્તુર મહોકમચંદ.
૧ ,, મોહનલાલ નાગર.
૧ ,, કસ્તુર ખુબચંદ.
૧ ,, પુનમચંદ ચુનીલાલ.
૧ ,, કેશરીમલ નગીનદાસ.
૧ ,, કરમચંદ ધરમચંદ.

એરાણુ.

૧ ધામી. મોહનલાલ સલુભાઇ.
૧ ધામી. મંગળદાસ સાકરલાલ.
૧ શા. અમ્રતલાલ લહેરચંદ.
૧ મહેતા. મગનલાલ માણેકચંદ
૧ શેઠ. ખેમચંદ વીરચંદ.
૧ શેઠ. મંગળજી ભીખાભાઇ.
૧ શેઠ. ગોપાળ છગનલાલ.

જાહેર ખબર.

આર્ય ભ્રાતૃ ગણો ! મારી તરફથી ટુંક મુદતમાં નીચેનાં પુસ્તકો છપાઈ બહાર પડવાનાં છે, જે પુસ્તકો અતિ રસજ્ઞ, ચિતાકર્ષક, માધુર્ય યુક્ત તેમજ આલ્હાદક છે, કે જે વીશેશે કરીને પુસ્તકાવલોકનથીજ જણાઈ આવશે માટે તેનું વધારે વર્ણન ન કરવા મુલતવી રાખવું તે ઉચિત ધારૂં છું. તો પણ આર્યજનોને હું એટલુંતો જણાવું છું કે આ પુસ્તકોનું ખરેખરૂં પ્રતાબીંબ મનુષ્યના મન ઉપર પડીને તેમજ શબ્દે શબ્દે નવીન વીષયો ઓળખાઈ આવીને હર્ષ અને સંતોષ પ્રાપ્ત થયા વીના નહી રહે ! ! સુજ્ઞ મહાશયો ! આ પુસ્તકોને 'શોક આવ્યા તો વખારે નાંખો' એમ નહિ ગણતાં તેમાં ખરી રસજ્ઞતા શી રહેલીછે તે જુઓ. કુટુમ્બમાં આ ગ્રંથોની એક એક કોપી દરેક કુટુંબમાં રાખવા લાયક છે.

પુસ્તકોનાં નામ	પ્રથમ કીંમત	પાછળી કીંમત
ચંદ્ર પ્રભા નાટક મોટું (બાર ફરમાનું)	રૂ ૦—૧૨—૦	રૂ ૧—૪—૦
ચંદ્રપ્રભા નાટકનાં ગાયનો	રૂ ૦—૧—૬	રૂ ૦—૨—૦
જૈન મધુર ગાયનકુંજ ભાગ ૨ જો	રૂ ૦—૩—૦	રૂ ૦—૪—૦
પ્રેમનો પ્યાલો	રૂ ૧—૦—૦	રૂ ૧—૪—૦
હારમોનીયમ ગાઈડ ભાગ ૧લો	રૂ ૦—૮—૦	રૂ ૦—૧૨—૦

જે સદ્ ગૃહસ્થોને આ પુસ્તકો ખરીદવાન આકાંક્ષા હોય તેમને ગ્રંથકર્ત્તાને જાતે મળવું અગર પત્ર દ્વારાથી ખબર આપવી. પણ સ્વદેશગર્વી બંધુઓને નિવેદન કરૂં છું કે જેટલા અગાઉથી ગ્રાહક થશે તેટલીજ કોપી છપાવવી છે માટે સુજ્ઞજનોએ આ અમુલ્ય તક ન ખોવી. દશ કોપી રાખનારને એક વધારે આપવામાં આવશે એજન્ટ તરીકે ખપાવનારને બનતો લાભ આપવામાં આવશે.

વોહોરા. મણીલાલ વિ. બાપુલાલ,
પાટણ. ખડાકોટડીનાપાડે.

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

વોહોરા મણીલાલ બાપુલાલ મુ. પાટણ

મુનીમહારાજ મોહનલાલજી જૈન પાઠશા-

ળામાંથી મુ. પાટણ.

સંઘવી હીંમતલાલ મનસુખરામ.

મુ. પાટણ ઠે. ખેતરવશી

મહેતા અંબાલાલ બાપાલાલ. મુ. અમદાવાદ.

ઠે. ડોશીવાડા મામાની પોળ

લેખક અને પ્રકાશક

વોહોરા, મણીલાલ વિ. બાપુલાલ.

મુ. પાટણ.